જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૬/૨૦૧૬ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૧૦૩ લીટર દેશી દારૂ અને ૨ ક્વાર્ટર ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૯,૦૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૨/૧૬**

**ક્રાઇમ બ્રાન્ચઃ** ભરતભાઈ છોટાલાલ ઠક્કર (ઉ.વ.૫૪) (રહે. ગોકુળધામ સોસાયટી,સ્મુતિ મંદિર સામે,ઘોડાસર) એ તા.૧૭/૬/૧૬ નારોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૨ થી ૨૦૧૩ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી પ્રફુલ્લભાઈ મનુભાઈ રાવલ (રહે.ઈમા મુખીની ચાલી, મદ્રાસી મંદિર સામે, નિગમ રોડ) એ ભરતભાઈ ઠક્કરને લોભામણી વાતો કરી વિશ્વાસમાં લઈ ધંધો કરવાના બહાને અને વધુ નફો અપાવવાની લાલચ આપી ઘોડાસર ઝીલ એન્ટરપ્રાઈઝ નામની કંપની ખાતેથી ઈન્ટરનેટના માધ્યમથી નેટબેંકીંગ મારફતે ભરતભાઈ ઠક્કરની જાણ બહાર ઓનલાઈન ટ્રાન્ઝેક્શનથી ભરતભાઈ ઠક્કરના ખાતામાંથી રૂપિયા ૮૦,૦૦,૦૦૦/- ટ્રાન્સફર કરી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.ડી.જાડેજા ચલાવે છે.

**માધવપુરાઃ** જગત ચંપકલાલ કાસટ (રહે.વસંતવિહાર વિભાગ-૧ ઉમિયા માતાની ગ્તલીમાં બોપલ) એ તા.૧૭/૬/૧૬ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) હેમંતભાઈ છોટુભાઈ વ્યાસ (રહે. નેતાજીનગર રામેશ્વર મંદિરની બાજુમાં મેઘાણીનગર) (૨) રામચંદ ગંગારામ રાઠોડ અને (૩) મહેશ રામચંદ રાઠોડ) (બન્ને રહે. ચામુંડા માતાજી હાજીની ચાલી ચામુંડાબ્રીજ પાસે જરીંગ રોડ) એ ભેગા મળી તા.૭/૪/૧૬ થી તા.૧૯/૪/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન શાહીબાગ રોડ નવા માધવપુરા જગત ઈન્ડસ્ટ્રીઝ ખાતે એમડી ટ્રેડર્સ નરોડા અને કન્હાઈ ફુડ પ્રા.લી. ચાંગોદર ના નામે રૂપિયા ૪,૪૭,૮૪૦/- ઓર્ડર બુક કરાવી બીલ મેળવી આરોપી હેમંતભાઈ વ્યાસે આરોપી રામચંદ રાઠોડ અને મહેશ રાઠોડને આપી જગત કાસટ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી એમ ઝાલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૧૨૩/૧૬**

**જીઆઈડીસી વટવાઃ** મુકેશભાઈ રજનીકાંત શાહ (રહે.આર્યવ્રત -૩ પ્રહલાદનગર ગાર્ડનની બાજુમાં વેજલપુર) એ જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૬/૧૬ સાંજના ૭/૦૦ થી તા.૧૭/૬/૧૬ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન બે અજાણ્યા પુરૂષ જીઆઈડીસી વટવા ફેઝ નંબર ૧ માં આવેલ પુષ્પક એસ્ટેટમાં વિર મશીનરી ફેક્ટરીના કંપાઉન્ડમાં કેબીનમાંથી લેપટોપ નંગ-૨, કેમેરા નંગ-૨ અને રોકડ રૂપિયા ૧૫૦૦/- મળી કુલ રૂપિયા ૭૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઈ એ ઘાસુરા ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૧૧૨૪/૧૬**

**રામોલઃ** પ્રકાશભાઈ હરગોવિંદભાઈ લુહાર (રહે.અયોધ્યાપાર્ક સોસાયટી હરજીપાર્ક પાસે મહાદેવનગર વસ્ત્રાલ) એ તા.૪/૬/૧૬ કલાક ૧૨/૦૦ વાગે ઘર નજીક પોતાની સ્વિફ્ટ કાર નંબર જીજે ૧૩ સીસી ૦૨૧૭ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ત્રણ કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ પ્રકાશભાઈ લુહારે તા.૧૭/૬/૧૬ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી ડી સોલંકી ચલાવે છે.

**દાણીલીમડાઃ સલીમભાઈ મોહમદભાઈ શરીફ કંકુવાળા** (રહે.રહે. નાડીયાવાડ નબી ચાલી ગોળ લીમડા જમાલપુર) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૬/૧૬ રાતના ૧૧/૦૦ વાગે કુરેશ જમાત એસ્ટેટ ઢોર બજાર ચાર રસ્તા નજીક પાર્ક કરેલ પોતાની હુન્ડાઈ ઈઓન કાર નંબર જીજે ૧ કેક્યુ ૩૯૪૬ કિમત રૂપિયા ૯૫,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર એમ વસાવા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૫/૧૬**

**"જી" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ નારણભાઈ હળુભાઈ બરંડા (ઉ.વ.૪૦) ( રહે.નાના ચિલોડા) તા.૧૭/૬/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે નાના ચિલોડા નેશનલ હાઈવે નંબર-૮ રૂબી ટી પોઈન્ટ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે છોટા હાથી વાહનના ચાલકે વાહન બેદરકારીથી અને પુરઝડપે ચલાવી નારણભાઈને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે** તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં રાતના ૮/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર નારણભાઈના ભાઈ નાનજીભાઈ બરંડાએ "જી" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.ડી.ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)